॥ ॐ तत्सत् ॥

'ચૈતન્ય' પત્રિકા નં. ૧

આદર્શ દંપતી

યાને

પતિ-પત્નિ ગીતા.

લેખકઃ—જેઠાલાલ ગોવિંદજી.

ઘાટકોપર મુંબઇ.

મૂલ્ય બે આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૯૬૩૫

પ્રસ્તાવના.

'મારૂં પોતાનું જીવન સફળ કેવી રીતે કરી શકું' એ વિચારનુ એક ફળ મારા પ્રેમી ભાઇઓ અને બહેનોને ભેટ ધરવું એ મારી ફરજ જણાતાં આ પત્રિકા બહાર પાડતાં મને ઘણોજ આનંદ થાય છે. દંપતીજીવન આદર્શ કેમ થાય અને મનુષ્યસંસારમાં તે કેવો ભાગ ભજવે છે તેનો વિચાર આમાં કરેલ છે. વસ્તુતઃ વિષય અગાધ હોઇ પરિપૂર્ણ આલેખવો અશક્ય છે તોપણ દંપતીજીવનના જરૂરના ઘણાખરા મુખ્ય પ્રશ્નોનો ઉકેલ છે એમ હું માનું છું. સાધારણ નીતિ માન્ય કરનારા-પોતાનું જીવન સાર્થક થાય તે ચિન્તનારા દંપતીઓની આ પત્રિકા જરૂર સેવા કરશે એ મારી ખાત્રી છે.

તા. ૧૮—૧૦—૨૧.

લેખક.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૫૩૩૭ वर्गांक

पुस्तकनुं नाम આદર્શ દંપતિ

विषय ૫૪૨૬

આદર્શ દંપતી

યાને

પતિ-પત્નિ ગીતા.

મનુષ્યને મનુષ્યનો સંગ સદા જોઇએજ. ગમે તેટલું બીજું સુખ હોય-ભલે ભંડાર ભરપૂર હોય-તોપણ તેની સાથે મનુષ્યસંસર્ગ ન હોય તો તેનું જીવન રસ વગરનું-પશુ તૂલ્યજ-થાય વળી આ સંસારમાં મનુષ્ય જીવન સાર્થક કરવાને ઘણાએ કર્તવ્ય કરી કરજ પતાવવું છે. એકજ-તદ્દન એકજ-મનુષ્ય કોઇબી પ્રેમી વ્યક્તિના ઉદ્દ-બોધન, ચેતન, સહાય અને પ્રેમોદ્દભવ બલિદાનની પ્રસાદી પામ્યા વિના ઘણીવાર પોતાના ધર્મપંથને છોડી દે છે, મહાન્ પ્રયત્ન કરે છતા મોહમાયામાં ડૂબી જાય છે, અને આખરે કર્તવ્યરૂપી કરજ ન ભરી શકાતાં મનુષ્ય જીવનને વૃથા જવા દે છે.

પણ, પ્રભૂએ મનુષ્યને ઉગરવાનો માર્ગ પહેલેથીજ ઘડી રાખ્યા છે. ધારો કે બે પુરૂષમિત્રો સાથે જીવન ચલાવે અને કોઇને બૂડવા નહિ દેવાનો નિશ્ચય કરે; પણ કુદરતી રીતે તે બંન્નેના સંસ્કાર, ભાવના, સ્વભાવ, ચિંતા, કામ-સર્વ જુદા જુદા છે. હવે એક માર્ગે ચાલતો માણસ બીજે માર્ગે જનારાને મદદ કેવી રીતે કરી શકે? એટલા માટે મનુષ્યમાંથી એવા બે વિભાગ પડી જવા જોઇએ જેમાના એકને પોતાની જૂદી ચિંતા, ભાવના વગેરે કંઇ ન હોતાં બીજાના ચિંતા, ભાવના, વગેરેમાં કોઈ તેનીજ મય થઈ જાય-રસિતકત.થી એક થઈ જાય; તેમનું મિલનજ પ્રેમચેતન પ્રેરે અને તેઓને મનુષ્ય બનાવે.

મનુષ્યજીવનના આ બે વિભાગ તે સ્ત્રી અને પુરૂષ છે; જેમાં સ્ત્રીઓએ પોતાનું નિરાળુ એકપણુ કર્મ નહિ રાખતાં, પોતાના પતિદેવ સાથે અનન્ય રીતે જાણે કંઈ પણ ભેદ–જુદાઈ–ન હોય તેમ મળી જઈ, તેઓના જીવનના બધાએ લક્ષ્યબિંદુ જાણી લઈ તે પાર ઉતારવામાં પોતાની તમામ શકિત રોકવી. પતિ–પત્નિ આમ એક થતાં ઇશ્વરત્વએ પહોંચે છે. પશુઓને ઇશ્વરત્વએ પહોંચવાનું નથી, માટેજ ત્યાં એવી એકતાની જરૂર નથી હોતી. મનુષ્યજીવનમાંની ખાસ કુદરતી બક્ષીસ-મન અને બુધ્ધિને-લીધે જે જોખમદારી વધેલ છે (વધુ ઉછીની રકમનું વ્યાજ પણ વધુજ હોયની!) તેને જવાબ આપવાને માટે આ ઐક્ય મુખ્ય સાધન છે. આ કંઇ નવી વાત આપણે નથી વિચારી રહ્યા, ભારત વર્ષમાં જ્યાંસુધી મોહમાયાનો સ્પર્શ-સેતાનની લાલચ નહિ લાગેલ ત્યાં સુધી દરેક ઠેકાણે ઋષિઓની પર્ણકુટીમાં, ખેડુતની ઝુંપડીમાં કે વાણીઆના ઘરમાં આવું જીવન ચાલ્યાજ જતું હતું.

કોઈ કદાચ અહિં કહેશે કે "સ્ત્રીઓમાં પુરૂષોને મદદ આપવાને કંઇએ શકિત નથી" "તેઓ શું જાણે!" પણ, નહિ, થોભો, ભાઇઓ!! તેઓ પણ મનુષ્ય છે; તેઓને તમારી જેમ મન, બુધ્ધિ અને હૃદય છે. તેઓમાં યોગ્ય સંસ્કાર નાખી, વંચાવી, સમજાવી, તેઓને સીતા, સાવિત્રી, દમયંતિ કે જે ધારો તે બનાવી શકો છો. ન ધારશો–પ્રભૂને ખાતર ન ધારશો કે આ અસંભવિત છે. વારૂ, તમે નાન્હા હતા ત્યારે તમોને કંઇએ ભાન હતું? તમો કેમ શીખ્યા? સ્ત્રી એ કંઇ પુરૂષની વિષયવાસનાને તૃપ્ત કરવાના કે રસોઇ આદી બનાવી આપવાના સંચા નથી. તેઓ પાસે તમોને ચેતન, રસિકતા અને દિલાસો આપવાના કીમતી કુદરતી ઝરા ભરેલાજ છે; તમને બચાવવા ખાતર, તમારા માર્ગો સહેલા-મુંઝવણુ વગરના-કરવા અર્થે અને તમારા લક્ષબિંદુ સફલ કરવા માટે તેઓ અજબ શકિત ધરાવે છે.

ઇશ્વરે સ્ત્રી અને પુરૂષમાં એકજ શકિતઓ–વિભૂતિઓ–નથી નાખી બન્નેમાની શકિતઓનો મેલ થતાં સંસાર સહેલો અને સાર્થક થઇ શકે છે. બન્નેમાંની શકિતઓ સંપુર્ણ રીતે એક થઇ વિકાસ પામે એ ઇશ્વરત્વ છે. જેવી રીતે ધનુષ્ય અને બાણુ એક બીજા વિના નકામા-

છે, અને બન્નેનો યોગ્ય મેળાપ થતાંજ તેઓનું હોવાપણું સાર્થક થાય છે, તેવીજ રીતે સ્ત્રી પુરૂષનું સમજવું. સ્ત્રી આવી રીતે મદદ ન કરી શકે તો તેઓના જીવનનો ઉપયોગજ શું ! તેઓના મનને રહેવાની જગ્યા ક્યાંએક તો જોઇએજ. તેથી તેમને તમારી સાથે ન મેળવવાથી, તેઓ નિંદા, જુગાર, કજીઆ કે લુગડાઘરેણાના મોહમાં પડી તમોને ઉલટી વધુ ચિંતામાં નાખે અને તેમ થાય તો સંસારમાં શાંતિને બદલે કકળાસનું રાજ્ય ચાલે માટે 'સ્ત્રીઓને' સ્ત્રીઓજ કરી તમારી સાથે એક કરવામાંજ તમારો સ્વાર્થ અને પરમાર્થ રહેલ છે.

અમારા થોડાક ભાઇઓ અને બહેનો જેમને પ્રાશ્ચાત્ય મોહનો સ્પર્શ થયેલ છે, તેઓ એમ માને છે કે સ્ત્રીઓએ પણ પુરૂષોની જેમ ધંધો કરવો જોઇએ. આમ થતાં સ્ત્રી પુરૂષની એકતા નહિ અનુભવાતા હરિફાઇ જોશે. સ્ત્રીઓ જૂદો ધંધો કરે,—નોકરી કરે અથવા હાલ ઘણી બહેનો વકીલ થવા તૈયાર થઇ છે તેમ કરે, તો સ્ત્રીઓને નિરાળી ચિંતા હોવી ન જોઇએ એ તત્વ તૂટી જશે; અને તેઓને જૂદી ચિંતા ન હોય તોજ તે સ્વામિમય થઈ એકજ એકત્ર ભાવનાને સિદ્ધિ કરવા માટે કંઇક કરી શકે છે, અને આમજ સંસારની સાર્થકતા સહેલ છે એ ભૂલી જવું ન જોઇએ. વળી પ્રભૂએ પ્રસૂતિકાર્ય પણ પત્નિઓ સાથે રાખેલ છે આથી પ્રભૂની પણ એજ નેમ અને કાર્યક્રમ છે કે પત્નિઓને જૂદો ધંધો નહિ હોતા તેઓએ પતિઓના કર્મનો જેટલો બને તેટલો બોજો ઉપાડવો.

હવે સૌથી અગત્યનો પ્રશ્ન આગલ આવે છે. અગત્યતા કોની વધારે ! અલબત્ ઇશ્વરે રચેલા સર્વ કોઈ સરખા છે—તેઓને સરખાજ હક છે;-પણ પુરૂષને કંઇક વધુ સંસ્કાર અને શકિત મલતા હોઇ, ગૃહનાવનું જોખમ તેને માથે હોઇ તેનેજ જીવનનિભાવ અને કાર્યક્રમ માટે મૂખ્ય વ્યવસ્થા કરવાની હોઈ, એજ ઉચીત છે કે સ્ત્રીઓએ પતિદેવના આશયોને ગૌણ ગણી, તેનાજ મય થઇ, પોતાની બધી શક્તિ વાપરવી.

આથી ઉલટું પતિના કાર્યમાં વિઘ્ન નખાય અને તેની ચિંતામાં વધારો કરાય તો ઇશ્વરના હુકમને તરછોડયો કહેવાશે. ઘરમાં સાસુ,

નણંદ કે કોઇ સાથે કજીઆ કરવા, રિસાવું કે 'મોઢું' લગાડવું યોગ્ય નથી. પોતેજ જાણે શાંતિદેવીનો અવતાર હોય તેમ આવી પ્રસંગોને શાંતિથી સહન કરી લેવા પોતાનો વાંક નજ આવવા દઇ મોઢું અને રીસ; આકરા શબ્દોને સહન કરવા અને પ્રેમયજ્ઞથી બધાને વશ કરવાની શકિત* દરેક સ્ત્રીએ મેલવવી જોઇએ. કામ કરવામાં જરાએ આલસ નહિ રાખતાં બીજાના કામનો જેટલો ઉઠાવી તેને સંતોષ આપી શકીએ; અને પ્રેમમૂર્તિ બની દરેક જગ્યાએ જેટલો પ્રેમામૃત રેડી શકીએ તેટલો આપણે ધર્મ બજાવ્યો કહેવાય; તેટલો ઘરના માણસોનો સ્નેહ મેલવી શકાય અને પતિદેવને નિર્વિઘ્ને મદદ આપી તુરત દેવી બની શકાય.

કામ જેનો આવો ઉચ્ચ મહિમા છે તે કરવું આપણી કેંક અભાગણી બહેનોને ગમતું નથી. તેઓને તે કામ માટે રસોઇઆ, ઘાટી વગેરેની જરૂર પડે છે! આ બિચારી સ્ત્રીઓ પારકી નિંદામાં, નિદ્રામાં, કજીઆ કરવામાં કે 'આ પહેરૂં,' 'તે પહેરૂ'માં માંડમાંડ પોતાનો વખત ગુમાવે છે, અને એ રીતે પતિની ચિંતા ઓછી કરવાને બદલે વધારે છે. પતિ દેવ–આપણા પતિ દેવ–આપણુનીજ બનાવેલ રસોઇ પ્રેમથી જમે એ શું લ્હાવો નથી! પ્રેમ યજ્ઞમાં આહૂતિ આપવામાં રહેલ અલૌકિક આનંદ પ્રેમીઓજ સમજે છે. મહાન્ ચક્રવર્તિ મહારાજા અંબરિષ જેને કંઇ પણ કમીનો ન હતો, તે પણ પોતાના પ્રભૂપ્રેમને લીધે પ્રભૂપયોગમાં જોઇતી તમામ ચીજો–લોટ સુધ્ધાં–પોતાના હસ્તેજ તૈયાર કરવામાં સુખ સમજતો; અને પોતે તે સેવા કરી શકે છે તે તે માટે પોતાને ભાગ્યશાળી લેખતો. પ્રેમ–પ્રેમની આ મજા અમારી આ અભાગણી બહેનો ક્યારે સમજશે!

અમારી બહેનોને ધર્મપંથ મૂકાવનાર મૂકવા–લલચાવનાર–હજુ એક વધારે 'ભૂત'નો સવાલ હવે આપણે વિચારીએ. જ્યારે આપણા મનનો રાજા–વિવેક શક્તિ–સારાસારનો વિચાર–ભાગી ગયો હોય અને મનજ રાજા થઇ ગયો હોય ત્યારે 'આ પહેરૂં,' 'તે પહેરૂ'' વગેરે

---

* રા૦ ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતિચંદ્ર' ભાગ ૨ જામાં ગુણસુંદરીના જીવનદ્વારા આનું તાદૃશ રૂપ આપણી સમક્ષ મૂકેલ છે.

વૃતિ થાય છે. જેમ જેમ આપણા મનને વધુ છુટ મૂકીએ છીએ તેમ તેમ આ વૃતિ કદી ન સંતોષાતાં, મનને ક્યાંયે શાંતિ ન આપતાં ચિંતામાં વધારોજ કર્યે જશે. તે વૃતિજ અશાંતિની છે તેને પોષતાં શાંતિની આશાજ શાની? વારૂ, વધુ ઘરેણા પહેરીએ તેથી કંઈ લાભ!*નજ પહેરીએ તો કંઇ હાની! અને એ બધું એ ઠીક, પણ ઘરેણા વધુ કે પ્રભૂ ઇચ્છા? ઘરેણા માટે પતિની ચિંતા વધારવી! અહો, કેવું પાપ! જે ઘરેણુ મોહ અને અજ્ઞાન વધારે છે, મનને નાનુ કરી વ્યાધિ વધારે છે, આપણા પગુણોને પોષે છે અને પતિદેવને મદદ કરવાના આપણા ધર્મને આડે આવે છે એ ઘરેણા-એ ઘરેણા માટે પતિદેવના મનને કલેશ આપશો? સોનામાં કલિયુગ એટલે દુઃખ અને અશાંતિ રહેલ છે તે ભૂલી જશો?

ત્યારે ઘરેણાનો ઉપયોગ શું! આકરા પ્રસંગોમાં જ્યારે કુટુંબ પર આફત આવી પડે, માંદગી આવે અને જોઈતું ઉપજાવવાની શકિત કે સ્થિતિ ન હોય ત્યારે ઉપયોગમાં આવે અને મુંઝાઈ રહેવું ન પડે તે માટે અને તેજ માટે સારા વખતમાં ખર્ચીજ નાખ્યું છે એમ માનીને બચાવવું જોઇતું ધન, વપરાઈ ન જાય અને દુરૂપયોગ ન થઈ શકે એજ ઘરેણાની જરૂરીઆત છે. અમારી બહેનો ઘરેણાનો આ રહસ્ય જાણે તો ઘણીખરી અશાંતિ સંસાર છોડી જ દે. કરજ કરાવીને પણ પતિ પાસેથી ઘરેણું લઈ પહેરવામાં આનંદ (!) માનનાર બહેનો આ ક્યારે સમજશે!

ખરી રીતે ઘરેણાં, લુગડાં, ખાવા, પીવા વગેરે બાબતમાં એકની સગવડ માટે બીજાએ ચિંતા રાખવી એજ પ્રેમનો માર્ગ છે. અહિ આપણે દાખલા ધરા એક આદર્શ વર્ણક જોઈએ. સાધારણ સ્થિતિવાળા, સ્વાવલંબી. પ્રેમનો ખરો અર્થ જાણનાર, સંપૂર્ણ એકતાએ પહોંચેલ દંપતી હતા. પતિ પાસે સોનાની એક નાજુક ઘડીઆળજ હતી; અને પત્નિ પાસે એક માળાજ. કોઈક મહાન્ તહેવારનો પવિત્ર દિવસ આવ્યે, પતિમય પત્નિને વિચાર થયો, 'અહા! એમના ઘડીઆળને છેડો હોય તો કેવો સરસ લાગે!' વિચાર પ્રબળ થયો -મોહનમાળાને બદલે છેડો લેવાયો. સાંજે પતિદેવ પધાર્યા; ગૃહિણી દેવીએ આનંદથી

વધાવ્યા; થોડીવાર પછી છેડો ભેગ થયો; પતિદેવે પણ ખીસામાંથી ચગદો કાઢયો. પણ કયાં હતી—કયાં હતી તે મોહનમાલા કે જેની શોભાની અભિવૃધ્ધિ અર્થે પ્રેમી પતિએ આ ચગદો આપ્યો હતો ? પ્રભુએ સારો વખત આપ્યો અને મોહનમાલા તથા વડીઆલ માટે પૈસા બચી શક્યા ત્યાં સુધી છેડો અને ચગદો પેટીમાંજ મુકવા પડયા. ધન્ય છે તેઓના પ્રેમને! ધન્ય છે તેઓના સ્વાર્થત્યાગને!! ધન્ય છે તેઓની દંપતીએકતા ને !

પતિઓને મદદ આપવાને પાત્ર થવા અને દેખવાવા માટે મોટાની શીખામણને વિચારી, ગુણસુંદરી આદી સારી ચોપડીઓ વાંચી મનની અંદર બોધ ઉતારવો જોઇએ; પતિદેવ પાસેથી પોતાની શંકા નિવારણ કરવા તેનો અમૃત તુલ્ય ઉપદેશ સાંભળવોજ જોઇએ. ખરેજ દરરોજ ઓછામાં ઓછા બે કલાક દંપતીએ સાથે બેસી વાર્તાલાપ અવશ્ય કરવો જોઇએ. 'આજ શું, શાને કરીશું,' 'જુઓની કુદરતની આ કેવી ખુબી છે' 'બિચારાને ભગવાન સુખી કરો,' 'ત્યારે તો પ્રાણાયામ એજ અંતરસ્ફુરણાની ચાવી થઇને?' 'અહાહા! ઇશ્વરીય આનંદ કેવી મજા આપે છે?' 'ત્યારે એ કેમ કરીશું,?' કેમ, કિસુને કસરત શીખવી કે?' 'કિસુને તે કેમ શીખવીશું,'. 'આજે એ મારી ભૂલ થઇ'—આવો વાર્તાલાપ દરરોજ થવો જરૂરનો છે. આપણા ઘણા બાઇ ધંધા યા દુનીઆદારીની ખોટી જંજાળોમાં ઢોરની પેઠે જોડાઇ રહીને અભાગ્યે મનુષ્ય જીવન જવા દે છે, તેઓએ પોતાનું જીવન રસિક બનાવવાનો પહેલો ઉપાય આ પ્રેમ પ્રગતિ અને સ્વાર્થત્યાગની બે કલાકની વાતચીતનેજ લેખવાનો છે. આ દંપતિ પર્યાણ જીવનને રસિક બનાવી જરૂર સાર્થક કરશે.

હવે દંપતીની એકતાનો વિશેષ વિચાર કરીએ. એ એકતા એવી જોઇએ જે દરેકને હૃદય, મન, શરિર, કર્મ અને ભાવના બધુંએ એકજ છે એમ ખાત્રી પૂર્વક મનાવું જોઇએ તેમનામાં જરાએ અંશમાં જૂદાઇ ન જોઇએ એ પ્રભુની ખાસ નેમ છે. એક બીજાથી કંઇભી છાનું, કંઇભી બેવફાદારીવાળું અથવા કઇ પણ અધિક હોય તે ઇશ્વરની નેમ ખોટી પાડવા જેવું છે, અને તેની નેમ ખોટી પાડવા

કરતાં અને તેના હુકમને તરછોડવા કરતાં વધારે, અરે! તેના જેવું એ બીજુ કયું પાપ છે? વળી સાચો પ્રેમી એક બીજા વિના રહી શકે નહ-જરા પણ વિયોગ સહન કરી શકે નહિ, એ દરેકે અનુભવવું જોઇએ. એક બીજાનો બોજો જેટલો બને તેટલો ઉઠાવી લઇ, એક બીજાને વધુ સુખ મળે તેમ ઇચ્છવું અને પ્રયાસ કરવો એ સાચ્ચા દંપતિ પ્રેમને ઘટે છે. જો પત્નિ ખરાબ નીવડે તો પતિ જોખમદાર છે, અને પતિ ખરાબ નીવડે તો પત્નિ જોખમદાર છે. કોઇની કંઇ કુટેવ પડી ગઇ હોય તો તે પર લક્ષ ન દેવું એ ગુન્હો છે. દાખલા તરિકે ચા, બીડી, સોપારી, કે બીજી કોઇપણ નુકશાન કર્તા વસ્તુનું એકનું વ્યસન હોય તો બીજાએ છોડાવ્યેજ છૂટકો. અસત્ય ન બોલાય, કોઇપણ પ્રકારની ચોરી ન થાય અને આળસુએ ન થવાય એ અંદરોઅંદર દંપતીએ જોવું જોઇએ. બહારના માણસ પાસે ઘરનું અને એક બીજાનું નાક રાખવું એ ખાસ જોવાનું છે એક બીજાની એવી મશ્કરીએ ન કરવી જેથી કદાચ તેમની વચ્ચે ખટાશ થવા પામે. પ્રતિદીન સેવા અને આપભોગમાંજ મંડયા રહેવું. અમારા આર્યશાસ્ત્રો હંમેશા યજ્ઞ કરવાનું કહે છે તે કયો યજ્ઞ? પોતાના પ્રેમ ખાતર-કર્તવ્ય ખાતર બલિદાન આપી સહન કરવું એજ યજ્ઞ. આમાંજ બધી શ્રેષ્ઠતા રહેલી છે.

પોતાનો વાંક થતાં ખોટા બચાવ માટે જીદ મૂકી દઈ કબુલ કરી દેવા જેટલી શાણપણ દેખાડી તે વાંક ફરી થવા ન પામે તે નિશ્ચય કરી થયેલ પાપ માટે પ્રાયશ્ચિત પણ માગી લેવું. વલી બીજાનો વાંક થતાં જલદીથી ઘટતી રીતે સમજાવી પોતે તરત ભૂલી જવું; કદાચ ન સમજે તોપણ તિરસ્કાર કે ક્રોધ ન કરવો, પણ જ્યારે જ્યારે તક આવે ત્યારે ત્યારે શાંત દલિલપૂર્વક સમજાવતાં બાકી રાખવું નહિં. પણ જ્યારે તે ભૂલથી કોઈ મહા અનર્થ પરિણામ ઉપજે એવી ખાત્રી હોય અને તે સમયે દલિલો નિષ્ફળ નીવડે ત્યારે સામાનું ગમે તેટલું પ્રબલ વલણ હોય તોપણ પતિ કે પત્નિએ સત્યાગ્રહ કરીને એ તે ભૂલ થવા ન દેવા પોતાની બધી શક્તિ વાપરવી એ એકજ રસ્તો ઉચિત છે.

એવી રીતે દંપતીની દરેક બાબતમાં એકતાની જરૂર આપણે જોઇ. પતિના જીવનમાં અમૃતસિંચન કરી, સુવાસિક સદ્ગુણો રૂપી

અમૃતથી અધિક સાધક-નિર્મળ પાણી, જેમાં રેડીએ તેનામય જેમ થઇ જાય છે, તેમજ પત્નિઓએ પતે સાથે મળી જવું જોઇએ. તેઓનાં હૃદય, મન, શરીર વગેરે જાણે પતિદેવનાજ છે.-તેમની સાથે જોડાયેલાજ છે અને આ ગાંઠ કયારેએ કશાથી પણ તૂટશે નહિ એ ભાવના પ્રેમી પત્નિઓમા માલમ પડશે. એટલા માટેજ સ્ત્રીઓને પુરૂષનું અર્ધું અંગ કહેલ છે, એટલા માટેજ પતિઓને સ્વામિ કહેલ છે. સ્વામિ= સ્વ + અમિ. પોતાનું અમૃતમય થઇ જવાય તો પછી બીજું જોઇએજ શું ? અને અમૃતનો તે જાણી જોઇને લાભ કોણ મૂકી દે ?

પતિએ પણ પોતાના પતિપણાને વફાદાર નિવગાવાને અને પ્રકાશવાને, પત્નિ જાણે પોતેજ છે એમ માનવું. આપણને તેની મદદ મળતી હોવાથી, અને આપણી ચિંતાને તે તરફથી રાહત મળતી હોવાથી, તેનાથી આપણા જીવનને અજબ રીતે રસિકતા અને સાફલ્યતા મળતી હોવાથી તે આપણી સાક્ષાત દેવી છે એમ સમજવું જોઇએ. એ આપણું બીજું રૂપ છે એમ કહીએ તોએ જૂદાઇ રહી જાય છે. 'એ એ હું' અને 'હું એ એ' એમ અનુભવાય ત્યારે સરસ આપણા કામના કાર્યક્રમમાં આપણી સાથે ગૃહિણીને પણ લેખવી જોઇએ. જેમ આપણા પોતાનોજ વાંક થતાં પશ્ચાતાપ કરી મન વારી ભૂલી જઇએ છીએ અને જેમ આપણા પોતા માટે ચિંતા કરીએ છીએ તેવીજ રીતે આપણી પત્નિ બાબતમાં પણ કરવું. એમ ન થાય તો ઇશ્વરવિમુખ થઇએ છીએ. દેવનામને લાયક નથી રહેતા.

અત્યાર સુધી આપણે દંપતીની અરસપરસ એકતા અને આવશ્યક ઉપયોગતા જોઇ. હવે એક થઇ શું કરવું જરૂરનું છે તે જોઇએ. ખાવું, પીવું, બાલ બચ્ચાને પાલવું અને ઇંદ્રીયસુખ માણવું એ તો આપણને અને પશુઓને-બન્નેને સરખા છે. એએ આપણે માટે ખરૂં, પણ એટલેથી આપણું ગાડું અટકવું ન જોઇએ. પ્રભુએ આપણામાં તેની બધી શક્તિ મેલવવાની કુચીઓ મૂકેલ છે,-મન, બુદ્ધિ અને હૃદય આપેલાં છે. પારસમણિ મળ્યે પૈસાની તાણજ શાને રહે ? આ રીતજ રીતે બુદ્ધિપ્રભાવથી દુનીઆમાં જે કંઇ મેળવવા જેવું છે તે મળી શકે છે. આવી અમૂલ્ય અલૌકિક શકિત આપણને આપેલી

[illegible] પણ [illegible]થી [illegible] ખલેલવાની જરૂર [illegible] અંતરમાંથી [illegible] શક્તિ [illegible]વાળી છે. જે વધુ [illegible] શો[illegible] મહિમા [illegible] કહેવાય [illegible] જેમ [illegible] દૈવી શક્તિ [illegible] અંતરમાંથી ઓળખશો તેમ તેમ વધુ પ્રભુમય થવાના પણ ઘણાએ મોહક ભૂતો આપણને આપણની શકિતને ઓળખવા દેતા નથી. આ ભૂતોની જાળમાં ન સપડાતા ઉતમોત્તમ ખુદ ઇશ્વરત્વએ પહોંચવુ [illegible] તેનો ધ્યેય હોવો જોઇએ.

આ ઇશ્વરત્વએ પહોંચવાને વખત જોઇશે. એટલો વખત આપણે જીવવું પડશે, અને તો, ભોજન વસ્ત્રાદિની જરૂર પડશે; તથા આ સંસાર સહેલાઇથી શાંત રીતે નિર્વિઘ્ને, આનંદ પૂર્વક, વ્યવથિસ્ત રીતે જાય તે માટે કુટુંબ અને તેની પ્રત્યેની ફરજ આપણે ધ્યાનમાં લેવી જોઇએ. આમાંથી પરવારી અંતરજ્ઞાન શોધી મુકત થવું અને આપણા બીજા ભાઇઓ અને બહેનો મોહમાયામાં પડી અજ્ઞાનને જ્ઞાન સમજી જ્યાંના ત્યા પડી ન રહે અથવા અધોગતિ ન પામે અને તેઓ પણ મૂકિત મેલવી શકે તે માટે બનતો પ્રયાસ કરવો એ આપણા માનવ જન્મનો ધર્મ છે.

હવે દંપતીજીવનમાં આ કામના વિભાગ પાડીએ. જીવન ટકી શકે તે માટે સાધન મેલવવાની મૂખ્ય જોખમદારી પુરૂષની છે અલબત સ્ત્રીએ પોતાના નિયમ અને ફરજાનુંસાર તેમાં બનતી રીતે મદદ આપવાની છે. પૂરૂષે પોતાની રૂચી, સંસ્કાર શક્તિ અને સાધનને અનૂકુલ કોઇબી ધંધાને ચલાવી કમાવું છે. આ આવકનો ઉપયોગ પોતાની જોઇતી જરૂરીઆતો અર્થે કરવાનો છે. આ આવક તો જીવન નિભાવનું માત્ર સાધનજ છે. આમાંજ મનુષ્યજીવન વહી જવા દેવું ન જોઇએ. એ અર્થસરે અને સારી માઠી સ્થિતિમાં અગવડ ન આવે એ વ્યવસ્થા થાય એટલા પૂરતોજ આનો ઉપયોગ છે. વલી ખર્ચ ઘરની સ્થિતિને પરવરતું હોવું જોઇએ. જેમ આ જરૂરીઆત ઓછી તેમ સરસ આ જોઇતા સાધન ન મેલવી શકીએ, આપણા ખર્ચ જેટલું એ પેદા ન કરી શકીએ, તો પછી આપણને જીવવાને હકજ નથી. વળી આ કમાવું એ બી માનસાઈ રીતે કમાવુ. નહિ કે 'જી હજુર' 'આપનો

તાબેદાર ગુલામ' વગેરે કહીને. જેની પાસે ઇશ્વરની અમૂલ્ય ભેટો બુધ્ધિ વગેરે છે તે કોઇનો ગુલામ! ગમે તે કરો, શરિર તોડી નાખવા જેટલીએ મહેનત કરો પણ જીવનનું સાધન માનસાઇ રીતે મેળવો.

પુરૂષની આ પ્રવૃતિ દરમ્યાન સ્ત્રીએ ઘરની બધી વ્યવસ્થા કરવાની છે. રાંધવું, કપડા ધોવા, અને ઘરની બધી સંભાળ કરવી એ એનું પહેલું કામ છે. એમાંથી પરવરતાં પછીએ સ્ત્રીઓને ઘણો વખત રહેશે. આ આ વખત માટે તેઓ પાસે કંઇ પ્રવૃત્તિ ન હોય તો તેઓ આળસુ બની જાય છે અને નુકશાનવાળી પ્રવૃત્તિમાં જોડાય છે; ઘણી બહેનો જુગાર ગંજીપામાં મનુષ્યજીવનનો અમૂલ્ય વખત ગુમાવે છે. અથવા નિદ્રા અથવા કજીઆ કરી અનેક અનર્થો ઉપજાવે છે. આ નવરાશના વખતમાં આખા ઘરમાં જોઇતા કાપડ માટે સુતર તૈયાર કરવું જોઇએ. ઘરે બનાવેલ ભોજનમાં જેટલી ઉતમતા છે તેટલીજ ઘરે બનાવેલ કાપડમાં છે. વલી કાતતાં વપરાતો વખત નવરાશના નિષ્ટ પરિણામો માંથી બચાવશે એટલુંજ નહિ પણ પતિની આવકમાં વધારો પણ કરી શકશે. આ બધી પ્રવૃતિમાંથી છુટતાં મોક્ષ માર્ગ માટે તૈયાર થવા પતિદેવે યોજેલ કામમાં મદદ કરવા પુસ્તક વાંચવા જોઇએ. બાલક વાલી માતાઓએ પોતાના બચ્ચાં શૂરવીર, નીતિમાન, હુશીઆર અને વિદ્વાન થાય અને ખરા મનુષ્યત્વને શોભાવે તેવા બી બચ્ચાઓમાં રોપવા જોઇએ. કોઇબી મનુષ્ય કેવો નિવડે છે તેનો મૂખ્ય આધાર તેની માતાએ દીધેલ સંસ્કાર ઉપર છે. આ પણ સ્ત્રીના વખતના ઉપયોગનો એક જરૂરનો અંગ છે.

હવે જીંદગીનો વખત સુખશાંતિમાં જાય તે માટે, આપણા ભાઇઓ, બહેનો, માતા, પિતા, મિત્રો વગેરે સગા અને સ્નેહીઓની અરસ પરસ સહાય અને સેવાથી દરેક જણ સુખી જીવન ગાલી મોક્ષ તરફ જઇ શકે તેટલી કાલજી રાખવા આપણે બંધાએલ છીએ. દંપતીમાં આ જોખમદારી બન્ને ઉપર છે. બીજાના સુખાર્થ પોતે દુ:ખી થવું એ ગૃહસ્થનો પવિત્ર ધર્મ છે.

આ રીતે સંસારનું કર્તવ્ય પૂરૂં થાય છે પણ આ બધા સાધન

--આ બધી શાન્તિ શા માટે છે? મનુષ્ય જીવનનો એકજ અવશ્યનો આશય આત્માને ઓળખી ઇશ્વરમય થવું એ છે. દંપતીએ એ ધ્યાનમાં રાખી મોહ અને ભૂલમાં નહિ ફસાતાં અંદરોન્દર એક બીજાને દેવ અને દેવી માફક મદદ અને સેવા કરી આગલ વધ્યેજ જવું ઉચિત છે.

આ કામ દરરોજ કેટલું થયું; શું ખલલ આવી, શું ખોયું; શું કમાયા વગેરેની નોંધ દરેક મુમૂક્ષુએ રાખવી જરૂરની છે. કારણ કે તેથી તેને ઘણુએ ચૈતન્ય મળશે અને ભૂલ થતાં કે રસ્તામાં અટકતાં બચશે. પત્નિઓને જીવનનો ઉદેશ બરેબર સમજાય, અને તે રસ સાથે ભાગ લઇ શકે તથા તેઓમાં આ નોંધ રાખવાની ખાસ કુદરતી શકિત હોવાથી, તથા તેઓ ઉપર અમુક ચોકસ બુધ્ધિના કામની જવાબદારી હોવી જોઇએ. તેથી આ નોંધનું કામ પત્નિને માથેજ રાખવું શ્રેયતર છે.

કોઇએ એમ ન માનવું કે દુનીઆની અવશ્ય જંજાળોમાંથી છુટી આબધું કરવાને વખત નથી. પણ પ્રભૂ તો કહે છે, કે જે પોતાની શકિત પ્રમાણે જેટલા વધુ પ્રમાણમાં કાર્ય કરી શકે તેટલો વધુ પ્રિય તે મને થાય. માહા જંજાળોમાં ડૂબ્યો પડેલો પોતાને માંડમાંડ બચતી એક ક્ષણુજ ઇશ્વરોપાસનામાં ગાલી શકતા તે ગરીબ ખેડુતને પ્રભૂએ દરરોજ ઘણાએ કલાક પોતાની ભકિતમાં ગાળતા નારદજી જેવા મહાન્ ભકતથી પણ વધારે સરસ લેખ્યો હતો.

આ પ્રમાણે મનુષ્યજીવન સાર્થક થાય છે. જેમ શુરવીર બાણાવીના હાથમાં ધનુષ્ય અને બાણ મલતાં શત્રુ જીવી શકતો નથી તેમ કુદરતી રાજ્યમાં પતિ અને પત્નિ એક થતાં દુનીઆની એવી કંઈ આફત છે--કઈ મોહમગર છે જે જીવન નાવને અટકાવી શકે? આજ દેવી જીવનસ્તોત્ર!

બસ, પ્રેમી ભાઇઓ અને બહેનો આજ આપણો આજનો મકકમ વિચાર છે. એ કે ભારતના હજારો ઘરમાં સ્વભાવિક રીતે ચેતવ્યા વિના પણ આવા આદર્શધર્માનુસાર વર્તાય છે, એ કે ભારતીય મગ જને આ નવું લાગશેજ નહિ તોપણ મોહ માયાના સંસર્ગથી આપણા ગૃહસ્થાશ્રમને કંઇક કાટ લાગેલ છે અને તે કાટ વધતો જાય છે એમ

માલમ પડવાથી આ ઉદ્દબોધન લખાયેલ છે. પ્રભૂ! આપણને બક્ષેલી અગાધ શકિતનો પરિપૂર્ણ ઉપયોગ કરવા હિંમત આપો અને તેની આજ્ઞા ઉઠાવવાના ઉમેદવાર પ્રેમીઓ પ્રતિજ્ઞા કરો જે:—

" જીંદગીના બક્ષેલ પ્રેમી સહાયકનો લાભ લઈ મોહમાયામાં નહિ ફસાંતા જીવન માનભરીરીતે શાંતિ અને રસિકતાથી ગાળી ફતેહ કરીશું અને પ્રભૂમય જરૂર બનીશું.

આ ચોપડી "ધી એવર-યુ પ્રીંટીંગ વર્કસ"માં મેસર્સ સાલેહ
લુકમાની કું. ૨૨, મીન્ટરોડ, કોટ મુંબઈ મધ્યે છાપી છે.
ગુરૂવાર તા. ૨૭-૧૦-૨૧.

જો નફાવાલા સ્વદેશી હુન્નર ઉભા કરવા હોય,
ઇસ્ટેટ ફસીને લેવી યા વેચવી હોય,
માર્ગેજ પર રૂ. સારે ભાવે લેવા યા દેવા હોય
યા અર્થશાસ્ત્રનું કંઇબી કામ કરવું હોય
તો જણાવો,

જેઠાલાલ ગોવિંદજી,
માધવજી ચાલ રાજાવાડી પાસે ઘાટકોપર,
મુંબઇ.

બહાર [illegible]! જલદી બહાર પડશે.!!

સામાજીક, આર્થિક, ધાર્મિક ક્ષેત્રોને સરલ કરતું,

ચૈતન્ય.

વ્યાપારિક, નૈતિક, વિગેરે. ચૈતન્ય આપતું.

દર પખવાડીએ પ્રગટ થશે.

સમાજ સેવાને પ્રેરતું હોઇ બહોળો ફેલાવો થશે.
યોગ્ય જાહેર ખબર અચ્છું ફલ લાવશે
લખો મેનેજર 'ચૈતન્ય'
માધવજી કલ્યાણજી ચાલ ઘાટકોપર, મુંબઇ.
વાર્ષિક લવાજમ રૂ. ૩ ત્રણ.

:o:

આદર્શ દંપતી જેવી પત્રીકાઓ સમાજને વારંવાર ભેટ થશે. જાહેર ખબર માટે લખો,

જેઠાલાલ ગોવિંદજી

માધવજી કલ્યાણજી ચાલ, રાજાની વાડી ઘાટકોપર, મુંબઇ.